Judgement
ખાનગી ફોજદારી કેસ નં. ૯૧૫૦૭/૨૦૨૧

કેસ દાખલ થયા તારીખ	૨૧	૧૦	૨૦૨૦
કેસ રજીસ્ટર્ડ થયા તારીખ	૦૫	૦૮	૨૦૨૧
કેસ ફેંસલ થયા તારીખ	૩૦	૦૫	૨૦૨૬
સમયગાળો	**વર્ષ**	**માસ**	**દિવસ**
	૦૪	૦૯	૨૫

<u>ફોર્મ – એ</u>

આંક – ૨૩

અમદાવાદ શહેરના ૨૧માં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ કોર્ટ, મુ. અમદાવાદ.

જજમેન્ટની તારીખ: ૩૦/૦૫/૨૦૨૬

ખાનગી ફોજદારી કેસ નં.૯૧૫૦૭/૨૦૨૧

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયે.

ફરીયાદી	Shalby Limited, Through its authorized signatory Mr. Akansh Mittal, Manager, Age : 30, Occu. Manager Office: Shalby Multi Specialty Hospitals, Opp. Karnavati Club, S.G Highway Road, Ahmedabad-380015.
ફરીયાદ પક્ષ તરફે	વિ.એડ .શ્રી વી.આર.ત્રિવેદી

આરોપી	Ratansinh J. Chavda, Age: Adult, Male, Address: 25, Jaysukan Tenament, Opp. Maheshwari Society, Nikol- Naroda Raod, Ahmedabad, Gujarat.
આરોપી પક્ષ તરફે	વિ.એડ .શ્રી એ.એ.મન્સુરી

ફોર્મ–બી

ગુનો બન્યા તારીખ	૦૧/૧૦/૨૦૨૦
એફ.આઈ.આર.ની તારીખ	N.A.
ચાર્જશીટની તારીખ	N.A.
પ્લી રેકર્ડ કર્યા તારીખ	૨૦/૦૪/૨૦૨૨
પુરાવો નોંધવાનુ શરુ કર્યા તારીખ	–
કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ	૩૦/૦૫/૨૦૨૬
જજમેન્ટની તારીખ	૩૦/૦૫/૨૦૨૬
સજાના હુકમની તારીખ (જો હોય તો)	૩૦/૦૫/૨૦૨૬

ક્રમ	આરોપીનુ નામ	ધરપકડ તારીખ	જામીન પર છોડયા તારીખ	કયા ગુના હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે.	શું દોષિત કે નિર્દોષ	સજાની વિગત	ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર.

							પી.સી. ની કલમ ૪૨૮ મુજબ
૧	Ratansinh J. Chavda,	N.A.	N.A.	વટાઉખત અધિનિયમ ૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો	દોષિત	આખરી હુકમ મુજબ	–

<u>ફોર્મ–સી</u>

ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત.

એ. ફરીયાદપક્ષ

ક્રમ	આંક	સાક્ષીઓના નામ	પુરાવાનો પ્રકાર
PW 1	૨૦	Akansh Mittal authorized signatory Shalby Limited	મૌખિક

બી. બચાવપક્ષ

ક્રમ	સાક્ષીઓના નામ	પુરાવાનો પ્રકાર
DW 1	––નીલ––	––નીલ––

સી. કોર્ટ સાક્ષી

ક્રમ	સાક્ષીઓના નામ	પુરાવાનો

		પ્રકાર
CW 1	--નીલ--	--નીલ--

ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત

એ. ફરીયાદપક્ષ

ક્રમ	**આંક**	**વિગત**
૧	૦૮	ફરીયાદીનુ બેંક સ્ટેટમેન્ટ
૨	૦૯	આરોપીની બીલ સમરી
૩	૧૦	અસલ તકરારી ચેક
૪	૧૧	તકરારી ચેકનો રીટર્ન મેમો
૫	૧૨	માંગણા નોટીસની સ્થળપ્રત
૬	૧૩	આર.પી.એ.ડી.ની સ્લીપ
૭	૧૪	પોસ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ

બી. બચાવપક્ષ

ક્રમ	આંક	વિગત
૧.	D-1	--નીલ--

સી. કોર્ટ સાક્ષી

ક્રમ	આંક	વિગત
૧.	C-1/CW-1	--નીલ--

-: : જજમેન્ટ : :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી કંપની તે કંપનીઝ એકટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે અને ફરીયાદમાં જણાવેલ સરનામે કાર્યરત છે. સદરહું કંપની ધ્વારા તત્કાલીન ફરીયાદીને આપવામાં આવેલ સત્તા અને અધિકારની રૂઈએ આ કામના આરોપી વિરુધ્ધ હાલની ફરીયાદ દાખલ કરેલ છે અને ત્યારબાદ હાલના ફરીયાદીને ફરીયાદી સંસ્થા ધ્વારા નવા ફરીયાદી તરીકે જોડવા આપવામાં આવેલ ઓથોરીટી અન્વયે અત્રેની અદાલત ધ્વારા તેઓને હાલના કેસની કાર્યવાહી કરવા પરવાનગી આપવામાં આવેલ છે. આ કામના આરોપીની પત્ની ચાવડા પ્રવિણાબેન રતનસિંહ ફરીયાદી સંસ્થામાં મેડીકલ ટ્રીટમેન્ટ માટે દાખલ કરવામાં આવેલ અને તેમના તમામ મેડીકલ સારવારની બીલ રૂા. ૧,૫૦,૦૦૩/- તેઓને ઈસ્યુ કરવામાં આવેલ જેમાંથી રૂા. ૪,૨૦૪/- આરોપી ધ્વારા ચુકવણી કરવામાં આવેલ અને બાકી રહેતી રકમની ચુકવણી સારુ આરોપી ધ્વારા તેમના બેન્ક ખાતાવાળી ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, નિકોલ શાખા, અમદાવાદનો ચેક નીચે મુજબની વિગતે સહી કરીને ઈસ્યુ કરવામાં આવેલ અને તે ચેક બેન્કમાં ભરતા તે સ્વીકારાઈ

જશે અને નાણા મળી જશે તેવો ભરોસો આપેલો.

અ.નં.	**ચેક નંબર**	**તારીખ**	**રકમ રૂપિયામાં**
(૧)	૭૬૫૩૯૨	૧૯.૦૩.૨૦૨૦	૧,૪૫,૭૯૯/–

ઉપરોકત ચેક ફરીયાદીએ તેમના બેન્ક ખાતાવાળી કોટક મહિન્દ્રા બેન્ક લીમીટેડમાં તા.૨૦.૩.૨૦૨૦ ના રોજ જમા કરાવતા સદહું ચેક '' ઈનસફીશીયન્ટ ફંડસ'' ના શેરા સાથે તા. ૨૧.૩.૨૦૨૦ ના રોજ બેંકમાંથી સ્વીકારાયા વગર રીટર્ન થયેલો જેની જાણ ફરીયાદીને તા. ૨૦.૪.૨૦૨૦ ના રોજ થયેલી. અને ત્યારબાદ આરોપી દ્વારા ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમ ચુકવી આપવામાં આવેલ ન હોય, નામદાર સુપ્રિમ કોર્ટની કોવિડ ગાઈડ લાઈન્સ મુજબ સમય લંબાવી આપેલ હોઈ જેથી ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી મારફતે તહોમતદારને ૨૬.૮.૨૦૨૦ ના રોજ લીગલ નોટીસ રજી. એ.ડી. થી ફરીયાદવાળા સરનામે મોકલેલી જે નોટીસ આરોપીને તા.૧૫.૯.૨૦૨૦ ના રોજ બજી ગયેલ છે. આમ, આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમ આરોપીએ ચુકવી આપેલ નથી. આમ, તો.દારએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ

૧૩૮ (સરળતા ખાતર "**એકટ**") અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરી છે.

(૨) હાલના કામે ફરીયાદ દાખલ થતાં, મારા વિ.પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ આંક-૦૧ હેઠળ સદરહું ફરીયાદને ફોજદારી ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો હુકમ તા. ૨૧.૧૦.૨૦૨૦ ના રોજ કરેલ હતો અને ત્યારબાદ આંક-૦૧ હેઠળ તા. ૫.૮.૨૦૨૧ ના રોજ વિગતવાર હુકમ કરી સદરહુ ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરી આ કામના આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ -૧૩૮ હેઠળ આરોપીની તકરારી ચેકમાં સહી હોય જેથી આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપી હાજર થતાં ફરીયાદ સાથેના સાધનિક કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ અને આરોપીને ગુના અંગે સમજ આપી તેઓની પ્લી લેવામાં આવતા તેઓએ ગુનો કબુલ નથી તેમ જણાવતી આંક-૦૭ થી પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફે આ કામે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

મૌખિક પુરાવા :–

અ.નં.	આંક	વિગત
PW – 1	૨૦	Akansh Mittal authorized signatory Shalby Limited ની સોગંદ ઉપર જુબાની

દસ્તાવેજી પુરાવો :–

અ.નં.	આંક	વિગત
P – 1	૦૮	ફરીયાદીનુ બેંક સ્ટેટમેન્ટ
P – 2	૦૯	આરોપીની બીલ સમરી
P – 3	૧૦	અસલ તકરારી ચેક
P – 4	૧૧	તકરારી ચેકનો રીટર્ન મેમો
P – 5	૧૨	માંગણા નોટીસની સ્થળપ્રત
P - 6	૧૩	આર.પી.એ.ડી.ની સ્લીપ
P - 7	૧૪	પોસ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ

(૪) ત્યારબાદ ફરીયાદીની આરોપીપક્ષે ઉલટ તપાસ કરવા માટે પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં આરોપીએ મુદતે હાજર રહી ફરીયાદીની ઉલટ તપાસ કરેલ ન હોય જેથી ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૧ થી ફરીયાદીની ઉલટ તપાસ લેવાનો આરોપીનો હકક બંધ કરવાની અરજી રજુ થતા તે અરજી લગત આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરતો હુકમ કરેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે. ત્યારબાદ આજરોજ

હુકમના દિવસ સુધી આરોપી તરફે ફરીયાદી કે તેના સાહેદને હાજર રખાવી ઉલટ તપાસ કરવા માટેની માં ગણી કરવામાં આવી હોય અથવા તે માટે યોગ્ય અરજી રેકર્ડ ઉપર રજુ રાખવામાં આવી હોય તેવુ ફલીત થતુ નથી.

ત્યારબાદ સદર કેસ આરોપીના ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ. પરંતુ આ કામે આરોપીપક્ષને તેમનુ એફ.એસ.નોંધાવવા માટે પૂરતી અને વ્યાજબી તક આપેલાનુ કેસનુ રેકર્ડ વંચાણે લેતા જણાઈ આવે છે તેમ છતાં આ કામે આરોપીપક્ષે મુદતે હાજર રહી એફ.એસ. નોંધાવવા માટે કોઈ તજવીજ હાથ ધરેલ નથી કે તે અંગે કોઈ સંતોષકાર ખુલાસો કરતી કોઈ રજુઆત કે રીપોર્ટ પણ કરેલ નથી જેથી આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવા ફરીયાદપક્ષે રજુ આંક–૧૮ની અરજી રજુ થતા તે અરજી લગત અત્રેની અદાલત ધ્વારા તા. ૭.૧૦.૨૦૨૫ ના રોજ આરોપી હાજર થયેથી એફ.એસ.નોંધાવવાનો હકક અબાધિત રાખી સદરહું કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

અત્રે એ નોંધનીય બની જાય છે કે, આ કામે ફરીયાદપક્ષે પુરાવાનો હકક રી–ઓપન કરવા આંક–૧૯ વાળી અરજી રજુ

કરી ફરીયાદપક્ષે જાહેર કરેલ છે કે આ કામે ફરીયાદી બદલવાની અરજી મંજુર કરવામાં આવેલ પરંતુ નવા ફરીયાદીની સરતપાસ એફીડેવીટ શરત ચૂકથી રજુ કરવાની રહી ગયેલ હોય જેથી પુરાવાનો હકક રી–ઓપન કરવા અરજ કરેલ છે જે અરજી તળે અત્રેની અદાલત ધ્વારા સદરહુ અરજી ગ્રાહય રાખતો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૦ થી નવા ફરીયાદીની સરતપાસ એફીડેવીટ રેકર્ડ પર રજુ રાખેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૨૨ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે અને સદર કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ, ફરીયાદીની સરતપાસનો પુરાવો તથા દસ્તાવેજી પુરાવાઓ મુજબની ફરીયાદપક્ષની દલીલો તરીકે ગણી લેવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા આરોપી સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થતો હોય કાયદામાં ઠરાવ્યા મુજબ સજા તથા દંડ કરવા દલીલ અરજ કરેલ છે.

જયારે આરોપીપક્ષ તરફથી તેઓને પૂરતી અને વ્યાજબી તક આપવા છતાં કોઈ હાજર ન રહેતા કોઈ દલીલ રજુ થયેલ

નથી. જેથી આ કેસની ન્યાયીક કાર્યવાહી આગળ અનુસરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવા અને સાહેદની જુબાની અને ફરીયાદપક્ષે રજુ દલીલો ઘ્યાને લેતા હાલના કેસના આખરી ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની આરોપી પાસેથી નીકળતી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક વણચૂકવાયેલ પરત ફરતા ફરીયાદીએ આપેલ માંગણી નોટીસ અંગે કાયદા મુજબ નિર્ધારીત સમય મર્યાદામાં આરોપીએ ફરીયાદીને રકમ નહીં ચૂકવી આપી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા ઉપર મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ

છે :–

–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–

(૯) આ કામે ફરીયાદ હકીકત અનુસંધાને સૌ પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮, ૧૩૮ તથા ૧૩૯ ની જોગવાઈ મહત્વપુર્ણ બને છે જે ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

Section 118. Presumptions as to negotiable instruments. Until the contrary is proved, the following presumptions shall be made:--

(a) <u>**of consideration:**-- that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;</u>

(b) **as to date:**-- that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance:** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer:**-- that every transfer of a negotiable instrument was made before its naturity;

(e) **as to order of indorsements:**-- that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp:--** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course:--** that the holder of a negotiable instrument is a holder in due course : provided that, where the instrutment has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતા ફલિત થાય છે કે, જયારે કોઈ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ તૈયાર કરવામાં આવે છે ત્યારે તે કોઈ અવેજ માટે તૈયાર કરવામાં આવેલ છે તથા જે તારીખે તેમાં લખેલી હોય તે તારીખે તૈયાર કરવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે. જે અનુમાન જયા સુધી સ્પષ્ટ પુરાવાથી ખંડીત ન કરવામાં આવે ત્યાં સુધી અસ્તિત્વમાં અથવા અમલમાં રહે છે. તે જ રીતે તેવા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ જેના હાથ અથવા કબજામાં હોય તે તેનો હોલ્ડર ઈન ડયુ કોર્સ છે તેમ પણ માનવાનું હોય છે.

Section 138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. :: Where **any cheque drawn by a person** on an account maintained by him with a banker **for**

payment of any amount of money to another person from out of that account **for the discharge, in whole or in part, of any debt or other liability,** is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, **such person shall be deemed to have committed an offence and shall,** without prejudice to any other provision of this Act, **be punished with imprisonment for a term which may be extended to two years,** **or with fine which may extend to twice the amount of the cheque, or with both:**

Provided that nothing contained in this section shall apply unless-

(a) **the cheque has been presented to the bank** within a period of six months from the date on which it is drawn or **within the period of its validity,** whichever is earlier;

(b) **the payee or the holder in due course of the cheque,** as the case may be, **makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information** by him from the bank regarding the return of the **cheque as unpaid**; and

(c) the **drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee** or, as the case may be, to the holder in due

course of the cheque, **within fifteen days of the receipt of the said notice.**

***Explanation*.--** For the purposes of this section, debt of other liability means a legally enforceable debt or other liability.

Section 139. Presumption in favour of holder.

<u>It shall be presumed,</u> *unless the contrary is proved,* **<u>that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.</u>**

ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા ફલિત થાય છે કે જયાં સુધી આરોપી ધ્વારા ઉપરોકત જોગવાઈઓમાં જણાવેલ અનુમાનની વિરુધ્ધની હકીકત રેકર્ડ ઉપર આરોપી ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી કોર્ટે એવુ અનુમાન કરવાનું રહે છે કે સવાલ વાળા ચેકો તે સહી કરનારે અવેજના બદલામાં અને તેનુ હાલનુ કાયદેસરનુ દેવું અથવા તો અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે. ફરીયાદીની તરફેણમાં કરવાનું રહેતું કાયદાકીય અનુમાનનુ કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી ફકત અને ફકત ચેક લખનારના શીરે જ રહે છે તથા જયાં સુધી તેવા અનુમાનનું ખંડન કરવામાં ના આવે ત્યા સુધી કાયદાકીય

અનુમાનના કારણે આરોપી વિરુધ્ધનો બોજો કોઈ પણ સંજોગોમાં ફરીયાદીના ખભા ઉપર ખસી શકે નહી.

(૧૦) હાલના કામે અત્રે એ ઉલ્લેખનિય છે કે,નામદાર સુપ્રિમ કોર્ટે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે અવારનવાર નીચલી અદાલતોને જણાવેલ છે કે, ધી નેગો.ઈ.એકટની કલમ–૧૩૮ અન્વયેના કેસોનો નિકાલ બને ત્યાં સુધી નિયત સમય મર્યાદામાં કરવો જોઈએ. વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે અવારનવાર એવો પણ નિર્દેશ આપેલ છે કે, ટ્રાયલ કોર્ટે બને ત્યાં સુધી કાયદામાં જણાવેલ જોગવાઈ અનુસાર ધી નેગો.ઈ.એકટની કલમ–૧૩૮ અન્વયેના કેસો સમરી ટ્રાયલમાં ચલાવવા જોઈએ અને આરોપીનો બચાવ યોગ્ય અને વ્યાજબી લાગે તો તેને સમન્સ ટ્રાયલમાં તબદિલ કરવો જોઈએ. હાલના કામે કેસનુ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ ઘ્યાને લેતા જણાઈ આવે છે કે, આરોપીની પ્લી લીધા બાદ આગળની ન્યાયીક કાર્યવાહી અર્થે આરોપી પક્ષ ઘ્વારા હાજર રહી કોઈ ન્યાયીક તજવીજ કરવામાં આવેલ નથી અને આમ આરોપીએ પોતાનો બચાવનો હકક જતો કરેલ છે તેવુ માનવાને આ અદાલતને પૂરતુ કારણ રહેલ છે.

(૧૧) નેગોશીએબલ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા સદરહું ફરીયાદમાં જણાવેલ આરોપીનુ સરનામુ તથા આંક–૧૨ વાળી નોટીસમાં જણાવેલ આરોપીનુ સરનામુ એક જ હોય તથા તે નોટીસ આંક–૧૩ વાળી સ્લીપ ધ્યાને લેતા રજીસ્ટર્ડ પોસ્થી મોકલેલ હોવાનુ ફલિત થતુ હોય, ત્યારે આરોપીને કાયદા મુજબ નોટીસ મોકલેલ હોવા અંગેના તત્વો રેકર્ડ ઉપર સાબિત થાય છે તેમ માનવાનુ કારણ રેકર્ડ ઉપર જણાય આવે છે. તેથી ઉપરોકત ચુકાદા તથા કલમ–૧૩૮ મુજબની જોગવાઈ અન્વયે આ કામે ગુનાના તત્વોની સાબિતી અંગે જોવામાં આવે તો આ કામે આંક–૧૦ થી રજુ અસલ વાદગ્રસ્ત ચેક આ કામના આરોપી ધ્વારા પોતાની સહી કરીને આપવામાં આવેલ હોય તથા આ ચેકમાં આરોપીની સહી ન હોય તે અંગેની કોઈ તકરાર પણ ન હોય, ત્યારે પ્રથમ (૧) તત્વ તરીકે ચેક હાલના આરોપી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે તેમ માનવા પુરતા આધાર રેડર્ક ઉપર જણાય છે. તે જ રીતે આંક–૧૧ વાળો દસ્તાવેજ (રીર્ટન મેમો) ધ્યાને લેતા, ફલીત થાય છે કે આંક–૧૦ વાળો તકરારી ચેક ફરીયાદીની બેન્ક ધ્વારા'' ઈનસફીશીયન્ટ ફંડસ '' ના કારણે પરત કરવામાં આવેલ છે જે હકીકત તત્વ(૨) અને (૩)

ની સાબીતીના રેકર્ડ ઉપર આધાર બને છે. જે જોતાં સદર તકરારી ચેક ઈસ્યુ કર્યાની તારીખથી ચેક વેલીડીટી જે તે સમયના નિયમ મુજબ ત્રણ અથવા છ માસ દરમ્યાન બેંકમાં રજુ થયેલાનુ ફલિત થાય છે તથા તે ''ઈનસફીશીયન્ટ ફંડસ'' ના કારણે પરત થયેલાનું ફલીત થાય છે. ત્યારબાદ આંક–૧૨ થી રજુ દસ્તાવેજ જોતાં ફલીત થાય છે, ફરીયાદીએ વકીલ મારફતે આરોપીને તા. ૨૬.૮.૨૦૨૦ ની ડીમાન્ડ નોટીસ તા.૧૧.૯.૨૦૨૦ના રોજ મોકલેલ છે જે આરોપીને તેમના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી આરોપીનુ સરનામુ જે ફરીયાદમાં બતાવવામાં આવેલ છે તે જ સરનામે મોકલેલ હોવાનુ ફલીત થાય છે. ત્યારે દિન–૧૫ ની અંદર આરોપી ધ્વારા નોટીસમાં જણાવેલ લેણી રકમ આરોપી ધ્વારા ચુકવવામાં આવેલ નથી તેવુ ફલીત થાય છે ત્યારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબના તમામ તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા માટે રજુ કરવા માટે રજુ પુરાવાથી રેકર્ડ ઉપર આવેલાનુ ફલીત થાય છે. વધુમાં આ કામે આરોપીએ ફરીયાદીને તકરારી ચેકની રકમ પૂરેપૂરી કે અંશત: પરત કરી હોય તેવો કોઈ પુરાવો

આ કામે રજુ કરી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરી શકેલ નથી.

(૧૧.૧) અત્રે એ નોંધવું જરૂરી છે કે, તકરારી ચેક રિટર્ન થયાની જાણ ફરિયાદીને તા.૨૦/૦૪/૨૦૨૦ ના રોજ થયેલ અને ડીમાન્ડ નોટિસ તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ છે. પ્રાથમિક દ્રષ્ટીએ કલમ–૧૩૮(બી) ની ૩૦ દિવસની મર્યાદા બહાર જણાય છે. પરંતુ, નામદાર સુપ્રિમ કોર્ટના સુઓ–મોટો રીટ પિટીશન (સિવીલ) નં.૩/૨૦૨૦ ના આદેશો અન્વયે કોવિડ–૧૯ મહામારીને કારણે તા.૧ ૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળાને લિમિટેશનની ગણતરીમાંથી બાકાત રાખવામાં આવેલ છે. મારા પુરોગામી વિ. મેજીસ્ટ્રેટ શ્રી દ્વારા આંક–૦૧ લગત તા.૦૫/૦૮/૨૦૨૧ ના રોજ આજ માર્ગદર્શીકાના આધારે આંક–૦૧ લગત કરવામાં આવેલ હુકમના કારણો આપીને ડીમાન્ડ નોટિસને કાયદેસરની મુદતમાં ગણીને કેસ રજીસ્ટરે લેવાનો હુકમ ફરમાવેલ છે. આરોપી દ્વારા આ હુકમને પડકારવામાં આવેલ નથી. જેથી કાયદાકીય દ્રષ્ટીએ આ કામની ડીમાન્ડ નોટિસ

નિર્ધારીત સમયમર્યાદામાં આપવામાં આવેલ છે તેમ નિ:શંકપણે પ્રસ્થાપિત થાય છે.

(૧૨) નામદાર વડી અદાલતે સીમાચિહ્નરૂપી ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે જોવામાં આવે તો આરોપી તરફે આ કામે રજુ ચેકમાં તેઓની સહી નથી અથવા ફરીયાદીએ ખોટી રીતે ચેકનો દુરૂપયોગ કરેલ છે અને ચેકની રકમ આરોપી પાસેથી ફરીયાદીની તરફેણમાં નીકળતી નથી તે અંગે કોઈ વાંધા તકરાર કે તે માટે જરૂરી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. આ કામે જયારે આરોપી સામે ફરીયાદીની કોઈ લેણી રકમ નીકળતી નથી કે ફરીયાદીએ ખોટી રીતે આરોપીના ચેકનો દુરૂપયોગ કરેલ છે તે હકીકત સાબીત કરવા માટે કોઈ પોલીસ ફરીયાદ કરી હોય અથવા જરૂરી કાયદાકીય પ્રક્રિયા અપનાવી તે અંગેના જરૂરી પુરાવા જે તે સમયે મેળવી આ કામે પુરાવા દરમ્યાન રજુ રાખેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલિત થતુ નથી. ત્યારે આરોપીએ પોતાની પ્લીમાં ગુનો કબુલ નથી તેવું નોધાવેલ છે તેટલા માત્રથી કાયદા મુજબ તેઓની વિરૂધ્ધ કરવાના રહેતા અનુમાનનું ખંડન થાય તેમ માની શકાય નહી. વધુમાં આરોપી તરફે ફરીયાદી ધ્વારા નોટીસ આપ્યા સીવાય

રકમની માંગણી થયેલ ના હોય તેમજ નોટીસ આરોપીને બજી ના હોય ત્યારે કાયદા મુજબ જરુરી તત્વો સાબીત થાય છે તેમ ગણી શકાય નહી તેવી દલીલ/શકયતા અંગે જોવામાં આવે તો જયારે નોટીસ આપવામાં આવી હોય ત્યારે મૌખિક માંગણીની જરુરીયાત રહેતી નથી. તે જ રીતે જો નોટીસ રજી.પોસ્ટથી હોય અને ફરીયાદમાં જણાવેલ સરનામે મોકલવામાં આવેલ હોય ત્યારે નોટીસ બજી ના હોય તો પણ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેથી ચેકોમાં જણાવેલ રકમ મુજબની રકમ ચુકવી આપી ગુનામાંથી મુકિત મેળવી શકે છે. જે હકીકત નામદાર ઉચ્ચ અદાલતના સીમાચિહ્નરૂપી ચુકાદાઓમાં પ્રતિપાદીત સિધ્ધાંતોને ધ્યાને લેતા સ્પષ્ટપણે આ કામે આરોપીની તરફેણમાં જણાઈ આવતી નથી. આ કામે આરોપી કોર્ટ સમક્ષ હાજર રહી પોતાના સામેનો કેસ કબુલ નહી રાખી કેસ ચલાવવાની માંગણી કરેલ ત્યાં સુધી આરોપીએ ચેકની રકમ કોર્ટમાં જમા કરાવેલ નથી અથવા ફરીયાદીને આપેલ નથી. તે સીવાય આરોપી તરફે તેના ખભે આવેલ સાબીતીનો બોજો તેના ખભેથી ઉતરી જાય છે તેમ પણ સામાન્ય પ્રજ્ઞાના માણસ ધ્વારા માની શકાય તેમ ફલિત થતુ નથી.

(૧૩) નામદાર વડી અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે આ કામે સવાલવાળા ચેકમાં આરોપીની સહી નથી તે બાબતની તકરાર ન હોય અથવા જો તકરાર હોય તો તે તકરાર જરૂરી પુરાવા સાથે રેકર્ડ પુરવાર કરવામાં આવેલ ન હોય ત્યારે ફરીયાદીની સદરહું દલીલ ફરીયાદીની તરફેણમાં છે તેમ માની શકાય જેથી ઉપરોકત કારણોસર ફલિત થાય છે કે, આરોપી તર્ફે ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબ કરવાની રહેતું અનુમાનના ખંડન માટે મહત્વની કોઈ હકીકત અથવા પુરાવા આરોપી પક્ષે રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે કાયદા મુજબ આરોપી વિરુધ્ધ થયેલ અનુમાનનું ખંડન થાય છે તેમ ફલિત થતું નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાના અંતે ફલિત થાય છે કે, આ કામના ફરીયાદીને આરોપીએ આપેલ ચેકો નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબ વણચુકવાયેલ પરત થયેલ છે અને ત્યાર બાદ આરોપીએ માંગણા નોટીસ ઉપરાંત પણ ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ નથી ત્યાર બાદ ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે તથા કલમ–૧૩૮ના ગુના સબબ ફરીયાદીની તરફેણમાં તથા આરોપીની વિરૂધ્ધમાં જરૂરી અનુમાન કરવા માટે રેકર્ડે ફરીયાદપક્ષે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ

આરોપી તર્ફે ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબ કરવાના થતા અનુમાનના ખંડન માટે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી જેથી ફરીયાદીની તરફેણમાં થયેલ કાયદાકીય અનુમાન અખંડીત રહે છે જે કારણસર આ કામના આરોપીએ નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો આચરેલ છે તેમ સ્પષ્ટપણે ફલિત થાય છે.

(૧૪) વધુમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે *S.P.Mani And Mohan Dairy Versus Snehalatha Elangovan- reported as AIR 2022 SC 4883* ઉપર પ્રસિઘ્ધ થયેલ છે તે કેસ વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર ઉચ્ચ અદાલત ઘ્વારા પ્રસ્થાપિત સિઘ્ધાંતને ઘ્યાને લેતાં, આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ કરતા અગાઉ આરોપીને ફરીયાદવાળા ચેક રીટર્ન થયા અંગે જે નોટીસ આપેલ છે તે નોટીસ આરોપીને મળી જવા છતાં આરોપીએ ફરીયાદીની નોટીસ અંગે કોઈ જવાબ ફરીયાદીને આપેલ નથી કે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો પણ આ કામે રજુ કરેલ નથી. આવા સંજોગોમાં નામદાર ઉચ્ચ અદાલતના સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત લાગુ પાડવામાં આવેલ

છે અને તેવા સંજોગોમાં પણ આરોપીને તકસીરવાન ઠરાવવો ન્યાયોચિત જણાય છે.

(૧૫) આમ, ઉપરોકત ચર્ચાના અનુસંધાને એટલુ અવશ્ય માની શકાય કે, ફરીયાદીએ રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેનો કેસ નિ:શંક પુરવાર કરેલ છે. હાલના કામે જયારે આરોપીએ તેઓને પૂરતી તક મળેલ હોવા છતાં તે દસ્તાવેજી પુરાવાને ફરીયાદીની ઉલટ તપાસ કરી પડકારેલ ન હોય ત્યારે આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. આમ, ઉપરોકત ચર્ચાના અંતે અત્રેની અદાલતને એવુ માનવાને કારણ રહે છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ આ કામે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુન્હામાં તકસીરવાન ઠરાવી હાલનો કેસ સજા બાબતે સાંભળવા માટે મુલતવી રાખવામાં આવે છે.

તારીખ : ૩૦/૦૫/૨૦૨૬ **(ભગવાનદાસ ઈશ્વરલાલ તારાણી)**
અમદાવાદ. **૨૧મા એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
ને.ઈ.એકટ કોર્ટ નં. ૩૭,અમદાવાદ શહેર
કોડ : જીજે ૦૧૧૯૧

<u>સજા અંગે સુનાવણી</u>

સજા અંગે પોકાર કરવા છતાં પક્ષકારો કે તેમના વિ.એડવોકેટશ્રીઓ હાજર નથી.

હાલના કેસમાં અગાઉ અત્રેની અદાલતે નોંધેલ છે તે પ્રમાણે આરોપી કે આરોપીના વિધ્વાન એડવોકેટશ્રી હાજર રહેલા નથી. જેથી કરી અત્રેની અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>શરદ જેઠાલાલ સાવલા વિ. ગુજરાત રાજય કે જે ૨૦૧૭(૩) જી.એલ.આર.,૨૩૫</u>** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતના અનુસંધાને આરોપીની ગેરહાજરીમાં હાલના કેસનો ચુકાદો જાહેર કરેલ છે.

ઉપરોકત રીતે ફરિયાદી તરફેની રજુઆતો તથા નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશો ધ્યાને લેતા આ કેસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટના ગુના અંગેનો છે. આ કાયદામાં વિધાનમંડળે નવા સુધારા ધ્વારા જે જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલ છે તેની પાછળ વિધાનમંડળનો ઉદૃેશ ધ્યાને લેવામાં આવે તો જો આરોપીને સજા કરવામાં ન આવે તો બેંકીગ ક્ષેત્રના વ્યવહારો પરથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય અને આ પ્રકારના ગુનાઓ

કરવા લોકોને ઉત્તેજન મળે અને લોકો આવા ગુનાઓ કરવા પ્રેરાય. વધુમાં, આ પ્રકારનો ગુનો ઈરાદા વિના કરવામાં આવેલ છે તે ધ્યાને લઈ શકાય નહિ કારણકે આ પ્રકારનો ગુનો થતા પહેલા ચેક ઈશ્યુ કરનારને નોટિસ આપી તક આપવામાં આવતી હોય છે. આરોપીને તેથી પ્રોબેશનનો લાભ આપી શકાય નહી કારણ કે નાણાંકીય વ્યવહારનો ગુનો હોય આરોપીને સજા કરવી આવશ્યક છે. વધુમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટના કાયદામાં સજા ઉપરાંત વળતર આપવા અંગે પણ જોગવાઈ કરવામાં આવેલ છે. ફરિયાદીએ આરોપી સાથે વ્યવહાર કરેલ છે અને વિના કારણ તેને યોગ્ય તે વળતર આપવામાં ન આવે તો કાયદામાં વળતરની જોગવાઈ કરેલ છે તેનો ઉદ્દેશ પરિપુર્ણ થાય નહિ તેથી તે અંગે પણ હુકમ કરવો આવશ્યક જણાય છે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને રાખતા નીચે મુજબનો હુકમ કરવો ન્યાયિક જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: આખરી હુકમ :

૧. આ કામે તકસીરવાન Ratansinh J. Chavda, Age: Adult, Male, Address: 25, Jaysukan

Tenament, Opp. Maheshwari Society, Nikol-Naroda Raod, Ahmedabad, Gujarat નાઓને ફોજદારી કાર્યરિતી અધિયનિયમની કલમ–૨૫૫(૨) મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં **એક(૧) વર્ષની સાદી કેદની સજા** ફરમાવવામાં આવે છે.

૨. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) અન્વયે **આરોપીએ તકરારી ચેકની રકમ ફરિયાદીને આ ચુકાદાની તારીખથી દિન–૬૦ માં વળતર રૂપે** ચુકવી આપવી. જો તે રકમ ન ચુકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી દ્વારા અગાઉ કોઈ બેઈલ બોન્ડ રજુ કરવામાં આવેલ હોય તો તે આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. હાલના કેસમાં આરોપી ચુકાદા સમયે કોર્ટ રૂબરૂ હાજર ન હોઈ આરોપી વિરુધ્ધ બિનજામીન લાયક વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપી આજરોજ કોર્ટ રૂબરૂ હાજર ન હોઈ **<u>નામદાર સુપ્રિમ કોર્ટે રાજેશ પોન્નાડા વિરુધ્ધ સત્યનારાયણ</u>**

શ્રી રંગન ૨૦૧૯(૧) એપેક્ષ કોર્ટ જજમેન્ટ (સુ.કો.) ૪૭૮ ના ચુકાદમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો મુજબ આરોપીને આ ચુકાદાની વિના મુલ્યે નકલ મેળવવાનો હકક આથી રદ ગણવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૩૦મી,માહે–મે, સને ૨૦૨૬ નારોજ વાંચી – સંભળાવી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૫/૨૦૨૬
અમદાવાદ.

(ભગવાનદાસ ઈશ્વરલાલ તારાણી)
૨૧મા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ કોર્ટ નં. ૩૪,અમદાવાદ શહેર
કોડ : જીજે ૦૧૧૯૧